**HERO SPRINT**
**સીલ્વર લાઈન સાઈકલ્સ**

HERO, AVON, HERCULES
તથા ઈમ્પોર્ટેડ સાઈકલ, HUGE, LUMALA, KEYSTO, HUFFY, FROG, તથા ટ્રાયસીકલ, મેજીક કાર, વોકર તથા પ્રામ વ્યાજબી ભાવે મળશે.
લક્ષ્મી સીનેમા સામે, અરીહંત સાયકલના ખાંચામાં, અમુલ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, આણંદ.
મો. ૯૮૨૫૪ ૨૫૩૮૦



email : nayapadkar@gmail.com (ફક્ત જાહેરાત માટે)
email : samacharsathi@gmail.com (ફક્ત સમાચાર માટે)

સત્ય માટે, સહુની સાથે

# નયા પડકાર

R.N.I. Reg. No. 43431/84 P.O. Regd. No. G/AND/39/2018-20 website : nayapadkar.in

**સમાચાર અને જાહેરાત માટે ઈમેલ એડ્રેસ**
નયા પડકાર
સમાચાર માટે : samacharsathi@gmail.com
જાહેરાત માટે : nayapadkar@gmail.com

વર્ષ : ૩૪ અંક ૨૧૨, ૧૨ ઓકટોબર ૨૦૧૮ શુક્રવાર આસો સુદ ૪ વિક્રમ સંવત ૨૦૭૪ તંત્રી, મુદ્રક – પ્રકાશક : દીપકભાઈ પટેલ, ગુજરાત સાથી પ્રકાશન પ્રા.લિ. સાથી એસ્ટેટ, આણંદ ***Published from ANAND*** ટેલિફોન નં. ૨૫૨૮૪૦,૨૫૩૪૪૦ ફેક્સ ૨૪૦૧૧૪ કિંમત : ૧ રૂ. પાનાં : ૮

# મુસ્લિમ મહિલાઓ મસ્જિદોમાં નમાજ પઢવાની મંજૂરી માટે સુપ્રીમમાં જવાની તૈયારીમાં

નવીદિલ્હી,તા.૧૧

કેરલની સબરીમાલા મંદિરમાં મહિલાઓની એન્ટ્રીને લઇ સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ હવે મુસ્લિમ મહિલાઓએ સુન્નની મસ્જિદોમાં પ્રવેશની માંગ ઉઠાવી છે કેરલ ખાતે મુસ્લિમ મહિલાઓના સંગઠન તેને લઇ સુપ્રીમ કોર્ટ જવાની તૈયારીમાં છે

મુસ્લિમ મહિલા ફોરમ એનઆઈએસએએ નિર્ણય કર્યો છે કે સુન્ની મસ્જિદમાં મહિલાઓના પ્રવેશને લઇ સુપ્રીમ કોર્ટ જશે નીસા અધ્યક્ષ વી પી જોહરાએ કહ્યું કે તેમનું સંગઠન આગામી અઠવાડીયે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરશે.

જોહરાએ કહ્યું કે અદાલતમાં જવાનું નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે કે મસ્જિદોમાં લિંગ ભેદ બતાવી દે કે સુન્ની મસ્જિદોમાં મહિલાઓને નમાજ પઢવાની મંજુરી આપવામાં આવતી નથી.

જોહરાએ કહ્યું હતું હું સમાનતાના અધિકાર હેઠળ એ કરી રહી છું કે સુન્ની મસ્જિદોની અંદર મહિલાઓને નમાજ પઢવાની મંજુરી કયારેય આપવામાં આવી નથી. જયારે તેમને પણ અધિકાર છે. પેગંબર મોહમ્મદ સાહેબના સમય પર પણ મહિલાઓ મસ્જિદોમાં નમાજ માટે આવતી હતી.

સુપ્રીમ કોર્ટે ૨૮ સપ્ટેમ્બરને તમામ ઉંમરની મહિલાઓ માટે સબરીમાલા મંદિરના દરવાજા ખોલી દીધા હતાં અદાલતે તેને ભેદભાવનું એક બતાવ્યું હતું.

એનઆઈએસએના વડાએ કહ્યું હતું કે વકીલ વેંકિતા સુબ્રમણ્યમ આ અઠવાડીયે અથવા આગામી અઠવાડીયે મુસ્લિમ મહિલાઓની અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરશે તાજેતરમાં સીપીઆઇ એમના સચિવ કોડિયારી બાલકૃષ્ણનને પણ સવાલ ઉઠાવ્યા હતાં કે સુન્ની મસ્જિદ મહિલાઓ કેમ આવી શકે નહીં.

અનુસંધાન પાન ૨ ઉપર

## તથ્ય

- જશવંત રાવલ

# ગરબો : ગુજરાતી જણ અને સાહિત્યની જણસ

## ગરબો સુણે, શીખે ને ગાય



ગરબો, ગાન અને નર્તનનો સમન્વય છે. ગરબો સાહિત્યનું ગેય સ્વરુપ છે. ગરબામાં કર્ણ, હૈયું ને કંઠ સામેલ થાય છે. પણ એ માત્ર શ્રવણ અને ગાન સુધી સિમિત નથી. ગરબો શરીરની પણ ક્રિયા છે. રમવું એ ગરબાનું આવશ્ય છે. ગરબા ગાવા એમ કહેતાં માત્ર કંઠગાન નથી રહેતું, એમ ગરબા રમવા કહેતાં અંગકાર્યય નથી રહેતું. ગરબો ગીતકાવ્ય નહીં ગીતકાર્ય અથવા તો ક્રિયાગીત છે.

ગુજરાતી સાહિત્યમાં ગરબો આવે છે ખાસ્સો માંડો. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં ગરબો નથી. મધ્યકાલીન અધવાર્યો પછી ગરબો આવે છે. ને અંતભાગે મહોરે છે. લગભગ ૧૬મી સદીમાં ગરબાનું સ્વરુપ ઉભરે છે. કવિ નાકર કે ભાણદાસની રચનાઓ ગરબાનો પંથ કંડારનારી છે.દયારામ શુધ્ધ ગરબી આપે છે. વિષય અને નાયકયુગ્મ છે રાધા-માધવ.

ગરબા જેવાં સમૂહ કે કોરસ ગાન ગ્રીક સાહિત્યમાં ‘ડિથેરમ્બ’ છે. ગુજરાતી સાહિત્યના પ્રાચીન કાળે રાસ, રાસક છે. એમાં લકુટ રાસ તો આજના દાંડિયારાસનો પૂર્વજ છે. રાસનું એ સ્વરુપ શૃંગારી અને જૈન પરંપરાએ અંત ભાગે શમનું છે.

ગરબાના મૂળ તરફની યાત્રા સામવેદ સુધી લઈ જાય. સામ એ ગાનનો વેદ છે. સામવેદમાં ચાર પ્રકારનાં ગાન-ગ્રામગાન,અરણ્યગાન, ઉદગાન અને ઉહ્યગાન-ઋષિ કહે છે. આમાં ગ્રામગાન એ ગરબાની વંશાવળીનાં પૂર્વપુરુષ હોઈ શકે. અલબત્ત આ ધારણા છે અભ્યાસના અવકાશવાળી.

ગાન અને નર્તન એ માણસનો આનંદયોગ કે પુરુષાર્થ છે. આદીદેવ શિવ ગાન અને નૃતનો સાત્વિક સમન્વય છે. શિવનો નારી કે પ્રકૃતિ ભાગ નૃત છે. નર કે પુરુષ ભાગ ગાન છે. ગરબાનું સ્વરુપ જુઓ નૃતગાનનું છે.

રાસ આનંદક છે, પણ ઉપાસનાત્મક નથી. રાસમાં રસ છે, તપ નથી. સહવાસ છે, સાધના નથી. આ સરખામણી ચઢતા-ઉતરતાની નથી. ભિન્નતાઓની છે.

નવરાત્રીનો ગરબો આષાઢી-શ્રાવણી વિરહ, મિલનરમણા નથી. ભલે નવરાત્રે રાસ રમાય પણ એ નવરાત્રી શૃંખલામાં ન સમાય. નવરાત્રી ગરબા એ શિવાશક્તિનું આરાધન છે. ગર્ભદીપ એ શિવોધાન લીંગ-યોનીનું સાયુજ્ય છે. જ્યોત એ લીંગી શિવ છે, ઘટક એ જગત માતૃકા પ્રતિક યોની-ગર્ભ છે. ગરબો માથે ધારણ કરવાનો સ્ત્રીનો અધિકાર છે. જગતની ધારણાશક્તિને સ્ત્રી સિવાય ધારણ કરવાની કોઈની ક્ષમતા નથી. માથે ગરબો લઈ ફરતી સ્ત્રી જગતધારિણી છે.

ગુજરાતને આ ગરબો આપ્યો ભટ્ટ વલ્લભે. પાટણ

અનુસંધાન પાન ૨ ઉપર

## હિઝબુલ કમાન્ડર મન્નાન વાનીને ઠાર કરાયો

શ્રીનગર, તા. ૧૧

જમ્મુ કાશ્મીરના કુપવારામાં હેન્ડવારામાં સુરક્ષા દળોને એક મોટી સફળતા હાથ લાગી છે. આના ભાગરુપે હિઝબુલ મુઝાહિદ્દીનના ત્રણ ત્રાસવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા છે. ઠાર કરવામાં આવેલા ત્રાસવાદીઓમાં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી અને રિસર્ચ સ્કોલર મન્નાન વાનીનો પણ સમાવેશ થાય છે. મન્નાન હિઝબુલ મુઝાહિદ્દીનનો સ્થાનિક કમાન્ડર તરીકે હતો. ભૂગર્ભ શાસ્ત્રમાં રિસર્ચ સ્કોલર મન્નાન બશીરવાનીની કામગીરીને હાથમાં લીધી હતી. તે અભ્યાસ છોડીને હિઝબુલ મુઝાહિદ્દીનમાં જોડાઈ ગયો હતો. તેને કુપવારામાં કમાન્ડર તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. બીજી બાજુ ફેસબુક ઉપર રાયફલની સાથે મન્નાનનો એક ફોટો વાયરલ થતાં તેને યુનિવર્સિટીમાંથી કાઢી મુકાયો હતો. એમ કહેવામાં ઓ છે કે તે પાંચમી જાન્યુઆરીના દિવસે જ હિઝબુલમાં સામેલ થઈ ગયો હતો. મન્નાન છેલ્લા પાંચ વર્ષથી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં અભ્યાસ

અનુસંધાન પાન ૨ ઉપર

**લગ્ન વિષયક**

નવેમ્બરના પ્રથમ વીકમાં આવનાર વણસોલ સત્તાવીસ ગામ અજુપુરા (હાલ આણંદ) ના પટેલ યુવક, કેનેડા PR સારી જોબ ધરાવનાર ઉંમર વર્ષ ૨૫, ઊંચાઈ ૫'૭'' માટે ઉચ્ચ અભ્યાસ ધરાવતી, સુશીલ, સંસ્કારી યુવતીના વાલીઓ તરફથી બાયોડેટા, ફોટોગ્રાફ, જન્માક્ષર સહિત સંપર્ક આવકાર્ય છે. (ગોળબાધ નથી)

Whatsapp No. 9824935175, 9726296995
Email ID : Dipen5610@gmail.com

**લગન વિષયક**

ચરોતર લેઉઆ પટેલ ગામ નરસંડા
U.S. Citizen, I.T.Engineer થયેલ યુવક
ઉ.વ.26, ઉંચાઈ 5'9", Soft Developer તરીકે
જોબ કરતા યુવક માટે સંસ્કારી, ઉચ્ચ અભ્યાસ
ધરાવતી યુવતીઓના વાલીઓએ સંપુર્ણ બાયોડેટા
સાથે સંપર્ક કરવો.

anirdesh108@gmail.com

**હાર્દિક અભિનંદન**


શ્રી મનીષભાઈ એસ. શાહ (મહાગુજરાત) નડીઆદ

નડીઆદ ના પ્રતિષ્ઠિત આઈકોનીક ગ્રુપમાં આપશ્રીની પ્રમુખ તરીકે વરણી થઈ તે બદલ કોટી કોટી અભિનંદન...

શુભેચ્છક
સમસ્ત આઈકોનીક ગ્રુપ પરિવાર - નડીઆદ

**મગજ/ચેતાતંતુ, પેઇન મેનેજમેન્ટ તથા એન્ડોકાઇનોલોજીસ્ટ અને ડાયાબિટીસ ના દર્દીઓ માટે ગુજરાતના પ્રખ્યાત ડૉકટર્સ દ્વારા ઓપીડી**

Zydus Hospitals
A Complete Hospital

મગજ અને ચેતાતંતુ રોગ નિષ્ણાંત
**ડૉ. તુષાર દેશાઇ**
સોમવાર થી શનિવાર સવારના ૧૦ થી ૭:૦૦ સુધી



બાળકોના મગજ અને ચેતાતંતુ રોગ નિષ્ણાંત
**ડૉ. હર્ષ પટેલ** (ગુજરાતના એકમાત્ર ડિએમ પિડિયાટ્રિક ન્યુરોલોજીસ્ટ)
દર મહિનાના બીજા શનિવારે સવારના ૧૧ થી ૧ સુધી



પેઇન મેનેજમેન્ટ નિષ્ણાંત (કોઈપણ પ્રકારના લાંબા સમયનો દુખાવો)
**ડૉ. મિલન મહેતા**
દર મહિનાના બીજા શનિવારે સવારના ૧૧ થી ૧ સુધી



એન્ડોકાઇનોલોજીસ્ટ અને ડાયાબિટીસ રોગ નિષ્ણાંત
**ડૉ. ઓમ લાખાણી**
દર મહિનાના બીજા અને ચોથા શનિવારે સવારના ૧૧ થી ૧ સુધી

નોંધણી/વધુ માહિતી માટે સંપર્કઃ
૦૨૬૯૨-૬૧૯૫૦૧/૨૨૬૦૦૧

ઓપીડી કેસ ફી
₹ 300/-

જુના રિપોર્ટ સાથે લાવવા અગાઉથી નામ નોંધણી જરૂરી
**ઝાયડસ હૉસ્પિટલ** આણંદ-લાંભવેલ રોડ, આણંદ

# કાર્તિ ચિદમ્બરમની ૫૪ કરોડની સંપત્તિ જપ્ત થઈ

નવીદિલ્હી, તા. ૧૧

આઈએનએક્સ મિડિયા કેસમાં ઈડી દ્વારા પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બરમ સામે આક્રમક કાર્યવાહી કરી છે. ઈડીએ કાર્તિ ચિદમ્બરમની ભારત અને વિદેશમાં રહેલી ૫૪ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી લીધી છે. આમા તેમના બેંક ખાતાઓ પણ સામેલ છે. હાલમાં જ એરસેલ-મેક્સિસ કેસમાં પી ચિદમ્બરમ અને કાર્તિ ચિદમ્બરમને રાહત મળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ૮મી ઓક્ટોબરના દિવસે દિલ્હીની એક કોર્ટે સીબીઆઈ અને ઈડી તરફથી દાખલ કરવામાં આવેલી એરસેલ-મેક્સિસ મામલામાં અરજીને લઈને મહત્વપૂર્ણ આદેશ આપ્યો હતો. આની સાથે જ પહેલી નવેમ્બર સુધી પી ચિદમ્બરમ અને તેમના પુત્ર કાર્તી ચિદમ્બરમને રાહત પણ આપી દેવામાં આવી હતી. હવે કોર્ટના આદેશ મુજબ પહેલી નવેમ્બર સુધી પી ચિદમ્બરમ અને પુત્ર કાર્તિને જેલ ભેગા કરાશે નહીં. ખાસ સીબીઆઈ જજ ઓપી સૈનીએ મામલાની સુનાવણી માટે હવે પહેલી નવેમ્બરની તારીખ નક્કી કરી હતી. તે વખતે સીબીઆઈ અને ઈડી તરફથી રજૂ થયેલા વકીલે આ મામલામાં સ્થગનની માંગણી કરી હતી. સીબીઆઈના વકીલ એડિશનલ સોલીસીટર જનરલ તુષાર મહેતા અને ઈડીના વકીલ નીતેશ રાણાએ કોર્ટને કહ્યું હતું કે, ચિદમ્બરમના વકીલો પીકે દુબે અને અર્શદીપ તરફથી દાખલ કરવામાં આવેલી અરજી ઉપર વિસ્તૃત જવાબ આપવા માટે તથા ચર્ચા માટે એજન્સીઓને

અનુસંધાન પાન ૨ ઉપર




**પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી**



નથી હયાત તમે પણ સાથે છો એવું લાગ્યા કરે છે, હર ક્ષણ તમારી હાજરીનો આભાસ લાગ્યા કરે છે, ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે, યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે, પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**સ્વ. અરૂણભાઈ પુનમભાઈ પટેલ**
જ.તા. ૨૧.૬.૧૯૪૭ સ્વ.તા. ૧૨.૧૦.૨૦૧૩

લિ.
ગં.સ્વ. તરલિકાબેન એ. પટેલ
ધર્મેશ (ધવલ) એ. પટેલ
કાજલ જી. શુકલ
ગૌતમભાઈ એચ. શુકલ
વિશ્રમ જી. શુકલ
વલ્લભ ચોક, ધર્મજ

## મુલાયમસિંહ યાદવના નજીકના ગણાતા પૂર્વ સાંસદ વીરપાલ સિંહે સપા છોડી

બરેલી,તા.૧૧

મુલાયમવાદી પૂર્વ સાંસદ વીરપાલ સિંહ યાદવે સમાજવાદી પાર્ટીને અલવિદા કહી દીધી છે. તેમણે સમાજવાદી પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામુ આપી દીધુ. હાલ તેમણે કોઈ પાર્ટીમાં સામેલ થવાની વાત કરી નથી પરંતુ ચર્ચા છે કે તે શિવપાલ સિંહ યાદવના સેકયુલર મોરચામાં આવી શકે છે. વીરપાલની સાથે પૂર્વ ડેપ્યુટી મેયર બિજનોરના પ્રભારી ભૂમિ વિકાસ બેંકના ચેરમેન મુખ્ય બીડીસી સભ્ય સહિત ૫૦ લોકોએ સપાના

અનુસંધાન પાન ૨ ઉપર

**શ્લોક મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ**

- ફીઝીશ્યન
- સ્ત્રીરોગ નિષ્ણાંત
- નિસંતાન વંધ્યત્વ માટેની સચોટ સલાહ તથા સારવાર
- હાડકાનાં નિષ્ણાંત
- ફેફસાને લગતી તકલીફ (ક્ષય અને છાતીના રોગોના નિષ્ણાંત)
- બાળરોગ નિષ્ણાંત
- કાન, નાક, ગળાનાં નિષ્ણાંત
- ગેસ્ટ્રોસર્જન
- જનરલ સર્જન
- યુરોલોજી (કીડનીને લગતી- તકલીફ, પથરી અને પ્રોસ્ટેટની સારવાર)
- કેન્સરના નિષ્ણાંત અને સર્જન
- મગજના નિષ્ણાંત અને સર્જન
- હૃદયના નિષ્ણાંત
- દાંત અને જડબાના સર્જન
- રેડીયોલોજી

ઈન્ફોક્સ હવે નડીયાદમાં ઉપલબ્ધ,




માઈ મંદિર સામે, નડીઆદ - ૩૮૭૦૦૨.
૦૨૬૮ - ૨૫૫૯૧૦૮

**૨૪ કલાક**
- ડૉક્ટર મળી શકે
- મેડીકલ ઓફીસર (એમ.બી.બી.એસ.)
- ક્રિટીકલ કેર ઉપલબ્ધ
- એમ્બ્યુલન્સ અને ફાર્મસી સેવા

- સાથે સોનોગ્રાફી, પેથોલોજી લેબ, એક્ષ-રે, 2D ઈકો, ટી.એમ.ટી., પી.એફ.ટી., કલર ડોપલર
- નહીવત ઈન્ફેકશન વાળુ મોર્ડન ICU ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ ટેક્નોલોજી

અમારી કેશલેસ સુવિધા
Max Bupa Health Insurance · FUTURE GENERALI TOTAL INSURANCE SOLUTIONS · MedSave INDIA · HDFC ERGO · Universal Sompo General Insurance Co. Ltd. · Oriental Insurance
1. RAKSHA TPA
2. MD INDIA
3. PARAMOUNT TPA
4. HERITAGE TPA
5. MEDI ASSIST TPA
6. HEALTH INDIA
7. VIPUL TPA